# વોટ એન આઇડિયા !

## એક નવા નિશાળિયાએ ગુજરાતમાં શરૂ કરી દેશની સૌથી મોટી બાયોમાસ સ્ટવ ફૅક્ટરી

માટીના ચૂલાને તિલાંજલિ આપી પર્યાવરણને નુકસાન થાય નહીં તેવો રાંધવાનો ચૂલો બનાવતી ફૅક્ટરી વડોદરામાં શરૂ થઈ છે. ગ્રીનવે ગ્રામીન ઇન્ફ્રા નામની આ ફૅક્ટરી શરૂ કરી છે આઇઆઇએમ

**જરા હટકે**

અમદાવાદની ટૅક્નૉલૉજી બિઝનેસ ઇન્ક્યુબેટર-સેંટર ફૉર ઇનોવેશન, ઇન્ક્યુબેશન ઍન્ડ એન્ટરપ્રેનિયરશિપ (સીઆઇઆઇઇ) એ.

ગરીબી રેખા નીચે રહેતા ભારતીયો માટે સ્વચ્છ ઊર્જાવાળા સ્માર્ટ ચૂલા બનાવવાનું કામ બે એમબીએ સ્નાતકોએ કર્યું છે. તેમણે દેશની સૌથી મોટી બાયોમાસ રાંધણચૂલા ફૅક્ટરી વડોદરામાં શરૂ કરી છે. આ કંપનીએ અત્યાર સુધીમાં અઢી લાખ ચૂલાનું વેચાણ કર્યું છે. કંપની અત્યારે વાર્ષિક આઠ લાખ ચૂલા બનાવવાની ક્ષમતા ધરાવે છે.

ગ્રીનવેનાં સહસ્થાપક નેહા જુનેજાએ કહ્યું કે, 'અમારી પહેલી પ્રોડક્ટ ગ્રીનવે સ્માર્ટ સ્ટવ ઉચ્ચ ગુણવત્તાવાળો ચૂલો છે. તે બધા જ બાયોમાસ ઈંધણ (લાકડું, છાણ વગેરે) બાળે તોય ધુમાડો ૭૦ ટકા ઓછો કરે છે. તેમાં ૬૫ ટકા ઈંધણ વપરાય છે અને વર્ષે ૧.૫ ટન જીએચજી હવામાં છોડે છે. આ ચૂલાની સૌથી સારી વાત એ છે કે તે લાંબો સમય ટકે છે. તેના કોઈ ભાગ હલતા નથી અને તેને એક સ્થાનેથી બીજે સ્થાને લઈ જઈ શકાય છે.'

નેહાએ કહ્યું કે, 'અમારી કંપની દેશની સૌથી મોટી બાયોમાસ કૂક-સ્ટવ કંપની બની ચૂકી છે. અત્યારે અમે બે સાઈઝના ચૂલા વેચીએ છીએ જેની કિંમત અનુક્રમે રૂા. ૧,૩૯૯ અને રૂા. ૨,૪૯૯ છે. માર્ચ, ૨૦૧૫ સુધીમાં અમે મહિને રૂા. ૪૦,૦૦૦ ચૂલા વેચી શકશું. કંપની શરૂઆતના દિવસોથી જ નફો કરતી થઈ છે.'

અંકિત માથુર અને નેહા જુનેજા આઇઆઇએમ અમદાવાદ અને એફએમએસ દિલ્હીથી સ્નાતક છે. તેઓ એનર્જી પ્રોજેક્ટ્સ માટે ગ્રામીણ વિસ્તારમાં ગયાં ત્યારે ત્યાંના ચૂલાની સ્થિતિ જોઈ તેમને ગ્રીનવે કૂક સ્ટવ બનાવવાનો આઇડિયા આવ્યો હતો.

આ સ્ટવ નવા અને વૈકલ્પિક ઊર્જા સ્રોત મંત્રાલય તરફથી સર્ટિફાઈ થયો છે. ગ્રીનવે એ બે ભારતીય કંપનીઓમાંની એક છે જેને ઇન્ટરનૅશનલ એશડેન એવૉર્ડ્સ ૨૦૧૪માં એશડેન ક્લીન એનર્જી ફૉર વિમેન ઍન્ડ ગર્લ્સ એવૉર્ડ મળ્યો છે.

